# શાળાની ઐતિહાસીક તારીખો

| વર્ષ | તવારીખ |
|---|---|
| ૧૯૦૮ | તા. ૬ જાન્યુઆરી શાળાનું ઉદઘાટન-મસ્કતી માર્કેટના મકાનમાં શાળાને સરકારે અને યુનીર્વસીટીએ માન્ય કરી. વિધ્યાર્થીઓની સંખ્યા ૧૦૨. |
| ૧૯૧૩ | શાળાના મકાનનું સ્થાનાંતર - બેલેન્ટાઇનની હવેલી, ત્રણ દરવાજા. |
| ૧૯૧૫ | સહશિક્ષણનો અખતરો. પ્રથમ વિધ્યાર્થીની બહેન શ્રી ઇન્દિરા સંત. |
| ૧૯૨૧ | શાળા ગુજરાત વિધ્યાપીઠ સાથે જોડાઇ. |
| ૧૯૨૨ | શાળામાં સૌથી વિશેષ વિધ્યાર્થીઓની સંખ્યા ૨૨૦૦ |
| ૧૯૨૬ | શાળા મુંબઇ યુનીર્વસીટી સાથે ફરીથી જોડાઇ અને સરકારે ફરીથી માન્ય કરી. |
| ૧૯૩૦ | શાળાનૂં ટ્રસ્ટ થયું અને શાળા જાહેર સંસ્થા બની. બંને આચાર્ય અસહકારમાં જોડાઇ જેલ નિવાસી થયા. તેથી સરકારે શાળાને અમાન્ય કરી. |
| ૧૯૩૨ | શાળાનાં આચાર્યો ફરી જેલનીવાસી થયા. |
| ૧૯૩૩ | શાળામાં પ્રોવીડન્ડ ફંડ દાખલ કરવામાં આવ્યું. |
| ૧૯૩૩ | શાળાનો રજત મહોત્સવ ઉજવવામાં આવ્યો. |
| ૧૯૩૮ | શાળાનું મકાન વડાપ્રધાન શ્રી બાળગંગાધર ખેરનાં હાથે ખુલ્લું મુંકવામાં આવ્યું. |
| ૧૯૩૯ | તા. ૨૧ જાન્યુઆરી : આધ્ય સ્થાપક શ્રી બલવંતરાય પરમોદરાય ઠાકોરનું અવસાન. |
| ૧૯૪૨ | તા. ૮ જુન : દીવાન બલ્લુભાઇ શાળા, એલિસબ્રીજની સ્થાપના, ૭૭ વિધ્યાર્થીઓ. |
| ૧૯૪૨ | તા. ૯ ઓગસ્ટ : દેશભરમાં આંદોલનને કારણે શાળા ૧૯૪૩ સુધી બંધ રહી અને આચાર્યશ્રી જીવનલાલ દીવાન, શ્રી ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર, શ્રી સુરેન્દ્રબાઇ બળવંતરાય ઠાકોર, શ્રી રાવજીબાઇ પટેલ અને શ્રી કૃષ્ણકાંત શાહ અને વિધ્યાર્થીઓની ધરપકડ થઇ. |
| ૧૯૪૬ | ૧ જાન્યુઆરી : સરદારશ્રી વલ્લભભાઇ પટેલ ના વરદ હસ્તે સ્વ. પ્રાણસુખલાલ મફતલાલની છબીની અનાવરણ વિધિ |
| ૧૯૪૭ | ૯ ડિસેમ્બર : મુંબઇ સરકાર કેળવણી ખ ાતાએ શાળાને માન્ય કરી |
| ૧૯૫૨ | ૧ ડિસેમ્બર : શ્રી જીવણલાલ હરિપ્રસાદ દીવાન નું અવસાન |
| ૧૯૫૩ | ૧૭ ઓક્ટોબર : એલિસબ્રિજ શાળાનું મકાન કેળવણી ખાતાના પ્રધાન શ્રી દિનકર રાય દેસાઇ ના હાથે ખુલ્લુ મૂકવામાં આવ્યું. |
| ૧૯૫૪ | ૭ ફેબ્રુઆરી : શ્રી દાદા સાહેબ વાસુદેવ માલવંકર ના હસ્તે સ્વ. આચાર્યશ્રી જીવણલાલ દીવાનના તૈલ ચિત્રની અનાવરણ વિધિ |
| ૧૯૫૫ | ૧૪ જૂન : ડો. શ્રી ચંદુલાલ દેસાઇના હસ્તે સ્વ.જીવણલાલ હરિપ્રસાદ દીવાન ઉધોગ મંદિરનું ઉદ્દઘાટન |
| ૧૯૫૮ | તા. ૨૯ ડિસેમ્બર ૧૯૫૭ થી તા. ૭ જાન્યુઆરી ૧૯૫૮ સુધી સુવર્ણ જ્યંતિ મહોત્સવની ઉજવણી |
| ૧૯૫૯ | તા. ૭ મે ૩૭૫ વિધ્યાર્થીઓની સ્પેશ્યલ ટ્રેઇન ૩૦ દિવસના દક્ષિણ ભારતના પ્રવાસે ઉપડી |
| ૧૯૬૧ | મંત્રીશ્રી રસીકલાલ પરીખના હસ્તે એલિસબ્રિજ શાળામાં વ્રજલાલ સભાગૃહ નું ઉદ્દઘાટન |

| | |
|---|---|
| ૧૯૬૨ | ૭ ઓક્ટોબર કેન્દ્ર પ્રધાન શ્રી મનુભાઇ શાહના હસ્તે ટેક્નિકલ શાળાના નવા મકાનની ઉદ્દઘાટન વિધિ |
| ૧૯૬૫ | તા. ૧૯ એપ્રિલ : અંગ્રેજી ના પ્રશ્ને રોકાયેલ ગ્રાન્ટનો કેસ હાઇકોર્ટ માં ચાલ્યો. |
| ૧૯૬૫ | તા. ૧૭ મે : રોકાયેલી રુપિયા ૧.૭૭ લાખની ગ્રાન્ટ પાછી મળી |
| ૧૯૬૬ | તા. ૧૨ જુન : કાંકરિયા શાળામાં બાલમંદિર અને પ્રાથમિક શાળાનું પ્રો. ફિરોઝ દાવરના હસ્તે ઉદ્દઘાટન |
| ૧૯૬૭ | તા. ૧૨ નવેમ્બર : પંત પ્રધાનશ્રી હિતેન્દ્રભાઇ દેસાઇના હસ્તે દીવાન બલ્લુભાઇ માધ્યમિક શાળા એલિસબ્રિજના રજત મહોત્સવનું ઉદ્દઘાટન |
| ૧૯૭૬ | જૂન : શાળામાં હાયર સેકન્ડરીની શરુઆત કરી |
| ૧૯૭૭ | તા. ૨૭ ફેબ્રુઆરી : શ્રી ઠાકોરભાઇ શિક્ષણ ભવનનું ઉદ્દઘાટન |
| ૧૯૭૭ | જૂન થી પ્રાથમિક અને માધ્યમિક એમ વિભાગ જુદા થયા |
| ૧૯૮૩ | શાળાના ૭૫ વર્ષ પૂરા થતા અમૃત મહોત્સવની ઉજવણી |
| ૧૯૯૫ | શાળામાં કમ્પ્યુટર શિક્ષણની શરુઆત. |
| ૨૦૦૭ | શાળામાં શતાબ્દી વર્ષની ઉજવણીની સ્વામી સચ્ચિદાનંદની અધ્યક્ષતા માં શરુઆત |
| ૨૦૦૮ | ૧૦૦ વર્ષની ઉજવણીની શ્રી બકુલભાઇ ધોળકિયાની અધ્યક્ષતા માં પૂર્ણાહુતિ |

પચાસ વર્ષમાં ઘણી બધી સંસ્થાઓ ખખડી ગઇ પરંતુ સો વર્ષે આ શાળાને ઘડપણ આવ્યું નથી. તેનું સાચું કારણ હોય તો તેમાં શ્રી બી. જે. દીવાન સાહેબ જેવા ટ્રસ્ટીઓ અને સુકાનીઓ છે.

- સ્વામી સચ્ચિદાનંદ